# અમેરિકાને યાદ નથી કે આ ૧૯૭૧નું ભારત નથી



નેઝુએલા ક્યારેક અમેરિકાનું સાઉદી અરબ કહેવાતું હતું. આજે એ દેશના નાગરિકો કચરામાંથી શોધવા શા માટે વિવશ બન્યા છે? અમેરિકાનો કાળો પડાછાયો આજે ભારત તરફ મોં કરીને ઊભો છે. અમેરિકના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી બેહદ ખતરનાક છે. ભારત અમારી વાત માની લે અથવા વેનેઝુએલા જેવાં હાલ થશે. આ કોઈ રાજકીય નિવેદન નથી, એક મહાશક્તિની હતાશા છે. જે પોતાની શાખ બચાવવા ભારત જેવા વિશાળ દેશને બલીનો બકરો બનાવવા માગે છે. ટ્રમ્પ ભારતની પાછળ હાથ ધોઈને શા માટે પડી ગયા છે? ભારત જો અમેરિકાની વાત નહીં માને તો ટ્રમ્પ શું કરશે? ટ્રમ્પે એ પણ કહ્યું કે જે દેશ અમેરિકાની વાત નહીં માને તેનું પરિણામ ખરાબ આવશે. તેમણે ભારતનો હવાલો આપતાં કહ્યું કે ભારત જો નવી આર્થિક ડીલ પર સહી નહીં કરે તો આકરા પ્રતિબંધ લગાવાશે.

ભારતે એ માટે વેનેઝુએલાને સમજવું પડશે. અમેરિકાએ વેનેઝુએલા પાસેથી તેલ ખરીદીને એને એટલો આળસુ બનાવી દીધો કે એ દેશ પોતાની ખેતીને જ ભૂલી ગયું અને સંપૂર્ણપણે અમેરિકા

**ઘટ ઘટ પાની**

★ માવજી મહેશ્વરી

ઉપર નિર્ભર બની ગયું. ત્યારે અમેરિકાએ અસલી રંગ બતાવ્યો અને આર્થિક પ્રતિબંધ લગાવી દીધાં. પરિણામ એ આવ્યું કે વેનેઝુએલા બરબાદ થઈ ગયું. હવે ટ્રમ્પ એ જ યુક્તિ ભારત ઉપર અજમાવવા માગે છે. અમેરિકા ભારત માટે એક નવી જાળ બનાવી રહ્યું છે અને એ જાળનું નામ છે કૃષિ અને ડેરી સમજોતા. અમેરિકા ભારત ઉપર કેટલાંય વર્ષોથી દબાણ બનાવી રહ્યું છે કે ભારતમાં અમેરિકન કંપનીઓ કૃષિ અને ડેરી માર્કેટ ખોલી નાખે. ઘડીભર થાય કે એમાં ખોટું શું છે આપણને સસ્તી વસ્તુઓ મળશે પણ ત્યાં જ વેનેઝુએલાવાળો દગો છુપાયેલો છે.

અમેરિકામાં ખેતી અને ડેરી ઉદ્યોગ કોર્પોરેટ ક્ષેત્રના હાથમાં છે. ત્યાં એક એક કંપની પાસે પચાસ પચાસ હજાર ગાયો હોય છે. સરકાર એ કંપનીઓને કરોડો ડોલરની સબસીડી આપે છે. એને કારણે અમેરિકાનો ખેડૂત પાણીના ભાવે દૂધ વેચી શકે છે. જ્યારે ભારતમાં પરિસ્થિતિ જુદી છે. આપણા દેશમાં દૂધ ગરીબ ખેડૂત પેદા કરે છે જેની પાસે એક બે ભેંસો કે ગાય છે. અમુલ જેવી કંપનીઓ એજ ખેડૂતોની કમરની તાકાત છે. ભારતમાં દસ કરોડ પરિવારો ફક્ત દૂધ વેચીને પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવે છે. હવે એ સ્થિતિની કલ્પના કરો જે ટ્રમ્પ ઈચ્છે છે. જો ભારત અમેરિકાની ડીલ પર

**અમેરિકાનો કાળો પડાછાયો આજે ભારત તરફ મોં કરીને ઊભો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ચેતવણી બેહદ ખતરનાક છે. ભારત અમારી વાત માની લે અથવા વેનેઝુએલા જેવા હાલ થશે. આ કોઈ રાજકીય નિવેદન નથી, એક મહાશક્તિની હતાશા છે**

સહી કરે છે તો બીજા જ મહિનાથી ભારતની બજારોમાં અમેરિકાની કંપનીના દૂધ ઉત્પાદનો છવાઈ જશે. આને કારણે શું થશે? ભારતના ગરીબ માણસનું દૂધ કોઈ ખરીદશે નહીં અને તે ન છૂટકે ગાય ભેંસ કાઢી નાખશે. બે થી ત્રણ વર્ષમાં ભારતની વિશ્વની સૌથી મોટી ડેરી ઈન્ડસ્ટ્રી ખતમ થઈ જશે. જે દિવસે આપણો ડેરીઉદ્યોગ બંધ થશે એના બીજા દિવસે અમેરિકા પોતાનો બીજો દાવ ખેલશે. તે પોતાનાં ઉત્પાદનો એટલાં મોંઘાં વેચશે કે ભારતે ક્યારેય કલ્પના પણ કરી નહીં હોય. આ જ સ્થિતિ અનાજની સાથે પણ થશે. કોઈ પણ દેશ ત્યાં સુધી જ સ્વતંત્ર છે જ્યાં સુધી પોતાનું પેટ પોતાની રીતે ભરી શકે.

અમેરિકાની ઉતાવળનું કારણ બીજું પણ છે. ભારતે રશિયા અને બ્રીક્સ દેશો સાથે મળીને અમેરિકાના ડોલરને પડકાર ફેંક્યો છે. આખી દુનિયા અમેરિકાના ડોલરમાં વેપાર કરે છે જેને કારણે અમેરિકાને મફતનો ફાયદો મળે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતે રૂપિયામાં વેપાર કરવાનું શરૂ કર્યું છે. ભારત આરબ અમીરાત પાસેથી તેલ પણ રૂપિયામાં ખરીદે છે, રશિયા સાથે પણ વેપાર રૂપિયાથી થાય છે. ભારતની યુપીઆઈ સીસ્ટમ દુનિયાભરમાં ફેલાઈ રહી છે. જે વીઝા માસ્ટરકાર્ડ માટે ખતરો બની રહ્યો છે. આ વાતથી અમેરિકાના પેટમાં તેલ રેડાય છે. અમેરિકા વિચારે છે કે જો ભારત અમેરિકી ડોલરના જાળમાંથી નીકળી ગયું તો બીજા દેશો પણ એમ જ કરશે. અમેરિકાની ધમકીઓ ભારતની વધતી તાકાતને રોકવાનું એક ષડયંત્ર છે. તેઓ એવું બતાવવા માગે છે કે સુપર પાવર અમે છીએ અને તમારે અમારા નિયમો મુજબ ચાલવું પડશે.

હવે તો ભારત શું કરશે? શું તે ડીલ ઉપ સહી કરશે કે પડકાર ફેંકશે? ભારતે ત્રણ ભૂલોથી બચવું પડશે. ભારતે અમેરિકાને ખુશ રાખવાના પ્રયાસો મૂકી દેવા પડશે. ભારતે સમજી જવું જોઈએ કે વરુ કદી શાકાહારી નથી હોતું. જો અમેરિકા ટેરિફ નાખે છે તો ભારતે પણ અમેરિકાના ગુગલ, ફેસબુક, એમેઝોન પર ટેક્સ નાખવો જોઈએ. ભારતે કોઈ પણ ભોગે ખેતી અને ઘરેલુ દૂધ ઉત્પાદનને બચાવવા પડશે. ભારતે હાલ આસપાસના દેશોમાં અમેરિકા કેવા દાવ ખેલી રહ્યું છે તેના ઉપર નજર રાખીને એ દેશો સાથે સંબંધો વધારવા જ જોઈશે, કદાચ અમેરિકા ભૂલી ગયું છે કે આ ૧૯૭૧નું ભારત નથી. •

# 6 લાખની કાર, પણ VIP નંબર માટે યુવકે ખર્ચી નાખ્યાં 2.08 કરોડ

લક્ઝરી યુઝ્ડ કાર ડીલરશિપ Big Boy Toyz દ્વારા તાજેતરમાં યોજવામાં આવેલી એક્શન હાઉસ (Auction House) હરાજીમાં દેશની સૌથી મોંઘી નંબર પ્લેટ વેચાઈ છે. આંધ્ર પ્રદેશના એક કાર લવરે VIP નંબર પ્લેટ "DDC 001"ને રેકોર્ડ 2.08 કરોડ રૂપિયામાં ખરીદી છે. આ નંબર પ્લેટને દેશની અત્યાર સુધીની સૌથી મોંઘી નંબર પ્લેટ માનવામાં આવી રહી છે.

આ સ્પેશિયલ હરાજીમાં "DDC 001" વિન્ટેજ નંબર પ્લેટની હરાજી કરવામાં આવી હતી, જે પહેલા Big Boy Toyzના ફાઉન્ડર જતિન આહુજાની માલિકીની હતી. આશ્ચર્યની વાત એ છે કે આ VIP નંબર માટે બોલી 2.08 કરોડ સુધી પહોંચી ગઈ હતી. આ હરાજીમાં સૌથી ઊંચી બોલી આંધ્રપ્રદેશના









ગુંટૂરના કિરણ કોલ્પાકુલા (Kiran Kolpakula) એ લગાવી હતી. ડીલરશિપ Big Boy Toyzએ ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું હતું કે, "અમને આની અપેક્ષા નહોતી. ઈતિહાસ રચાઈ ગયો." કાર સંબંધિત પ્લેટફોર્મ Cartoqના હવાલાથી જતિન આહુજાએ કહ્યું કે, "જ્યારે આટલી મોટી કિંમતવાળા અસેટ્સની વાત આવે છે, ત્યારે પારદર્શિતા અને વેરિફિકેશન સૌથી મહત્વના બની જાય છે. 2.08 કરોડમાં DDC 001ની હરાજીએ સાબિત કર્યું છે કે કલેક્ટર્સ એક વિશ્વસનીય પ્લેટફોર્મ માટે તૈયાર છે, ભલે તેઓ દેશના કોઈ પણ ભાગમાંથી હોય."

Cartoq અનુસાર, Big Boy Toyzનું Auction House અનેક મોટી હસ્તીઓની લક્ઝરી કારો પણ વેચી રહ્યું છે. આમાં શામેલ છે - શિલ્પા શેટ્ટીની Mercedes-Maybach GLS 600, ફિલ્મમેકર રોહિત શેટ્ટીની Mercedes-Benz CLA 200d. આ ઉપરાંત ક્રિકેટર દિનેશ કાર્તિકની Range Rover Sport SVR પણ સમેલ છે.